# મોડાસામાં બે પોલીસકર્મીના મકાનમાં ચોરી

મોડાસા, તા. ૧૮
અરવલ્લી જિલ્લામાં તસ્કરોએ જાણે તસ્કરીનું એપી શાહી હજુ સુકાઈ નથી. અરવલ્લી જિલ્લા પોલીસની વિવિધ ટિમો આરોપીઓ સુધી પહોંચી નથી શકી જે બે મકાનમાં તાળું તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો છે એ બે મકાન અરવલ્લીમાં ફરજ બજાવતા બે





પોલીસ કર્મીઓના મકાન હોવાનું બહાર આવ્યું છે. ઉલ્લેખનીય છે કે પોલીસ કર્મી પરિવાર સાથે વતનમાં ગયેલ હોવાનો લાભ લઈ મકાનમાં ઘૂસી માલસામાન વેર વિખેર કરી હજારોની મત્તાની તસ્કરી કરી ત્યાંથી પલાયન થઈ ગયા હતા. વાંરવાર બનતી આવી ઘટનાથી રહીશોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ત્યારે સુરક્ષા કર્મીઓના મકાનોને ટાર્ગેટ કરવામાં તસ્કરો ગભરાતા ન હોય તો અન્ય લોકો માટે તો કહેવું એ સવાલ ઉભો થાયો છે. જોકે બનાવની જાણ થતા પોલીસની ટિમ બનાવ સ્થળે પહોંચી સમગ્ર મામલાની તે દિશામાં તપાસ આરંભી દીધી છે, પરંતુ ભાવિષ્યમાં આવી ઘટનાઓને નાથવા પોલીસ ચોક્કસ પગલાં લે તેવી સ્થાનિકો અને રહીશોની માંગ ઉઠી છે.

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. છાસવારે મોડાસાના છેવાડે આવેલી રહેણાંક સોસાયટીઓ અને રેસીડેન્સી વિસ્તાર ચોર તસ્કર ટોળકી અને ઘરફોડ ચોરો નિશાન બનાવી હજ્જારો લાખ્ખો રૂપિયાની લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. ત્યારે છેવાડાની સોસાયટીમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે તેવી પ્રજાજનોમાં માંગ પ્રબળ બની છે.

સેન્ટર બનાવી તરખાટ મચાવ્યો છે, તાજેતરમાં ભિલોડાના વેપારીને તેના ઘર આગળ ગોળી મારી હત્યા કરી લાખો રૂપિયા ભરેલો થેલો ઝુંટવી ફરાર થઈ ગયાની ઘટનાની ત્યારે શનિવારની રાત્રીના કોઈ પણ સમયે તસ્કરોએ મોડાસાની મધુવન રેસિડેન્સીના બે મકાનમાં ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જાણવા મળતી માહિતી મુજબ રેસિડેન્સીના



## ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ભગવાન શામળિયાના દર્શન કર્યા

આજ રોજ અરવલ્લી જિલ્લાનું સુપ્રસિદ્ધ પવિત્ર યાત્રા ધામ ભગવાન શામળીયાની નિશ્રામાં શામળાજી ખાતે ગુજરાત સરકાર શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ સંસદિય સચિવ બાબુભાઈ જમનાભાઈ પટેલ, અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે દિવાળી અને નવા વર્ષમાં ભગવાન શામળીયાના દર્શન કર્યા હતા અને મંદિર તરફથી ટ્રસ્ટીઓ અને મેનેજર દ્વારા ભગવાન શામળિયાના ખેસથી સ્વાગત કરવામાં આવ્યું હતું.


# ‘એકતા યાત્રા’ સામાજિક એકતાને મજબૂત બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનો પુરાવો : મગનલાલ માળી

### ડીસા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં બીજા તબક્કાની એકતા યાત્રાનું ભવ્ય સ્વાગત

દેશની એકતાના શિલ્પી એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના સન્માનમાં રાજ્ય સરકાર દ્વારા આયોજિત એકતા રથયાત્રા રાજયભરમાં સામાજિક એકતાનો સંદેશ રેલાવી



રહી છે ત્યારે ગુજરાત વેરહાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીના નેતૃત્વમાં ધાનેરા તાલુકામાં સામાજિક એકતાનો સંદેશો રેલાવ્યા બાદ હવે બીજા તબક્કાની એકતાયાત્રા ગુજરાત વેરહાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીના નૈતૃત્વમાં આજે ચોથા દિવસે ડીસા તાલુકાના નવા, વેળાવાપુરા, સમૌ મોટા, સમૌ નાના, ઝાબડીયા, સદરપુર, છત્રાલા, નવી ભીલડી અને મુડેઠા ગામે આવી પહોંચતાં દરેક ગામે એકતા યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું હતું.આ યાત્રાના આગમન વખતે જે તે ગામે ગ્રામજનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી દેશની એકતાના હિમાયતી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની પુજા-અર્ચના કરી સરદાર પટેલના સદગુણોને જીવનમાં ઉતારી સામાજિક એકતાને વધુ મજબૂત બનાવવાના સંકલ્પો લીધા હતા.આ અવસરે કાંકરેજ મત વિસ્તારના ઉત્સાહી ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ દિનેશભાઈ દવે, ભાજપ અગ્રણી અમૃતલાલ અવસ્થિ,ડીસા તાલુકા ભાજપ મહામંત્રી રમેશભાઈ ઠાકોર, ડીસાના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિત અન્ય અગ્રણીઓ અને અધિકારીઓએ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી એકતા યાત્રાની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.આ અવસરે ગુજરાત વેરહાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ એકતા યાત્રાના આયોજનને રાજ્યમાં સામાજિક એકતાને વધુ મજબૂત બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનો પુરાવો ગણાવી રાજ્યમાં સામાજિક એકતાને વધુ મજબૂત બનાવી રાજ્ય સરકારના પ્રયાસોને સાર્થક કરવામાં પૂરતો સહયોગ આપવા પણઅપીલ કરી હતી.



## ખેડબ્રહ્માથી વડાલી હાઇવે પર અકસ્માત : બાઇકસવારનું મોત

ખેડબ્રહ્માથી વડાલી હાઈવે રોડ પર વિવાઈ પાટિયા પર બાઈક અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. બાઈક બળીને ખાખ થઈ ગયુ હતુ, જ્યારે બાઈકસવારનુ ઘટનાસ્થળે મોત થયું હતું.

# મોડાસામાં એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાયો

મોડાસા, તા. ૧૮
ભારત સરકારના સ્કિલ ઈન્ડિયા અંતર્ગત શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આઈટીઆઈ ડિપ્લોમા જેવા ટેક્નિકલ અભ્યાસક્રમમાં કુશળતા લાવવા સ્થાનિક ઔદ્યોગિક એકમો દ્વારા એપ્રેન્ટિસ કરેલ વિદ્યાર્થીઓને રાજ્ય સરકારના વનમંત્રી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

શ્રમ અને રોજગાર વિભાગ નિયામકશ્રી, રોજગાર અને તાલિમ ગુજરાત સરકાર સંચાલિત ઔદ્યોગિક તાલિમ સંસ્થા મોડાસા તથા જિલ્લા વહિવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે જિલ્લાકક્ષાનો એપ્રેન્ટિસ ભરતી મેળો મહાલક્ષ્મી ટાઉનહોલ મોડાસા ખાતે વન અને આદિ જાતિ વિકાસ મંત્રી અને અરવલ્લી જિલ્લા પ્રભારીમંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને યોજાયો. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મોડાસા શહેર મહામંત્રી યશવંતભાઈ વ્યાસ, ભીલોડા વિધાનસભા આગેવાન પી. સી. બરંડા, જિલ્લા ડી.ડી.ઓ. હર્ષિત ગોસાવી, નિવાસી કલેકટર આર. જે. વલવી, અરવલ્લી જિલ્લા પુરવઠા અધિકારી અજયસિંહ ડોડીયા, મોડાસા નગરપાલિકા ચીફ ઓફિસર પ્રણવ પારેખ,



મહેશભાઈ ભટ્ટ, વલસાડ ભાજપના આગેવાન કાર્યાલય મંત્રી દીપકભાઈ પટેલ, મોડાસા નગરપાલિકા પૂર્વપ્રમુખ શૈલેષભાઈ ભોઈ, યુવામોરચા મંત્રી અમિષભાઈ પટેલ, આઈટી શેલ ઈન્ચાર્જ નીતિન પંડ્યા સહિત મંચસ્થ ઉપસ્થીત રહ્યા. એપ્રેન્ટિસશીપ તાલિમ યોજનાના અંતર્ગત મુખ્ય ઉદેશ આઈ.ટી.આઈ.,ડિપ્લોમા, ડિગ્રી, પાસ ઉમેદવારોને ખાનગી કે જાહેર ક્ષેત્રમાં ઔદ્યોગિક સેવાકીય એકમો ખાતેનો ઓન જોબ ટ્રેનિંગ સુવિધાનો મહત્તમ લાભ આપી તેમને કૌશલ્ય કુશળ બનાવવા જુદાજુદા વ્યવસાયોમાં ઔદ્યોગિક. સેવાકીય એકમોના સહકારથી સૈધાન્તિક તેમજ પ્રાયોગિક તાલિમ આપી ઉદ્યોગ અને સેવાકીય એકમોને માનવબળ ઉભુ કરવાનો છે. આ પ્રસંગે અરવલ્લી જિલ્લામાં એપ્રેન્ટિસ કરતા લાભાર્થી ગણને મંચસ્થ મહાનુભાઓ ધ્વારા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

# ડીસા ખાતે જયસ્વાલ સમાજનો પાંચમો સ્નેહમિલન સમારોહ યોજાયો

બનાસકાંઠાના ડીસા ખાતે આજે જયસ્વાલ કલાલ સમાજનો પાંચમો સ્નેહ મિલન સમારોહ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયો હતી.જ્ઞાતિજનો માટે બપોરે ભોજન પ્રસાદનું પણ આયોજન કરાયું હતું.આ પ્રસંગે યોજાયેલ રક્તદાન કેમ્પમાં સમાજના રક્તદાતાઓએ




હતો.ડીસાની હેપ્પી ઈવેન્ટ ખાતે યોજાયેલા જયસ્વાલ તથા કલાલ પટેલ સમાજના આ સ્નેહ મિલન સમારોહ પ્રસંગે રક્તદાન કેમ્પનું પણ સુંદર આયોજન કરાયું હતું.

બનાસકાંઠા સહિત અન્ય સ્થળે વસતા જયસ્વાલ તથા કલાલ પટેલ સમાજના આ પાંચમાં સ્નેહ મિલન સમારોહમાં સવારે ચા નાસ્તા બાદ બપોરે યોજાયેલી સભામાં સમાજના વિકાસલક્ષી અનેક મુદાઓની ચર્ચા કરાઈ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.આ કાર્યક્રમમાં સમાજના અગ્રણી પ્રવીણભાઈ જયસ્વાલ, કાર્યક્રમના સહયોગી તપનભાઈ જયસ્વાલ ભોજનદાતા પટેલ હર્ષદકુમાર જેંતીલાલ, આનંદભાઈ કિરીટભાઈ જયસ્વાલ, પટેલ ચંદુભાઈ દેવચંદભાઈ તથા અશ્વિનભાઈ જગદીશભાઈ ટાંક સહિત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમના આયોજનને બિરદાવ્યું હતું.

### મેઘરજના ગાયવાછરડા ગામે અકસ્માતમાં ઈજાગ્રસ્ત

# યુવાન કોમામાં સરી પડતા પોલીસ જીપ અને બાઈકચાલક સામે ફરિયાદ

મેઘરજ, તા. ૧૮
મેઘરજ તાલુકાના ગાયવાછરડા ગામે રોડની સાઈડમાં ઉભેલા બે યુવાનોને પુર ઝડપે આવતી બાઈકે અને બાઈકનો પીછો કરી રહેલ પોલીસ ગાડીએ માર્ગની સાઈડમાં ઉભેલા ગાયવાછરડાના બે યુવાનોને ટકકર મારતા બંને યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમાંથી એક યુવાન કોમામાં હોવાની મેઘરજ પોલીસ મથકે નોંધાવેલ ફરીયાદમાં જણાવાયુ છે.

ગાય વાછરડા ગામના બે યુવાનો તેમના ગામના રોડ ઉપર આવેલ દુકાન પાસે ઉભા હતા તે દરમિયાન આ બે યુવાનોમાંથી એક યુવાનના કાકા તેમના પાસે આવ્યા હતા અને પોતાની બાઈક આ બે યુવાનો પાસે ઉભી રાખી દુકાને ગયા હતા તે અરસામાં ચીથરીયા મહાદેવ તરફથી એક બાઈક પુરઝડપે આવતી હતી અને તે બાઈક પાછળ પોલીસની ગાડી પીછો કરતી હતી તેવામાં દુકાન પાસે ઉભેલા બે યુવાનો પાસેની બાઈકને પુરઝડપે આવતી બાઈકે ટક્કર મારતા બાઈકની બાજુમાં ઉભેલા બે યુવાનો રોડ સાઈડમાં ફંગોળાઈ ગયા હતા તે અરસામાં અકસ્માત કરનાર બાઈકને અને ઉભેલી બાઈકને પોલીસની ગાડીએ પણ ટક્કર મારી હતી અને આ બે યુવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા ત્યારે પોલીસની ગાડીનો ડ્રાઈવર ટક્કર મારી ગાડી રીવર્સ કરી ત્યાંથી નાસી છુટ્યો હતો જેમાં ઈજાગ્રસ્ત બે ઈસમો દીલીપ સુરજી ખાંટ અને મનહર કાન્તી ભગોરાને સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં મનહરભાઈ ભગોરાને શરીરે અને માથાના ભાગે વધુ ગંભીર ઈજાઓ હોવાથી અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન મનહર ભગોરા ને માથાના ભાગે વધુ ગંભીર ઈજાઓ થઈ હોવાના કારણે કોમામાં જતો રહ્યો હોવાથી આ અકસ્માત અંગે કોમામાં ગયેલ યુવાનના કાકા સુકાભાઈ કોદરભાઈ ભગોરા રહે.ગાયવાછરડાનાઓએ શુક્રવારના રોજ અકસ્માત સર્જનાર બાઈક અને પોલીસની ગાડી વિરૂધ્ધ મેઘરજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા મેઘરજ પોલીસે બાઈક નં. જીજે.૩૧.એચ.૫૭૯૭ અને પોલીસ ગાડી નં. જીજે.૩૧.જી.૭૦૦ વિરૂધ્ધ ગુનોં નોંધી આ તમામ ગાડીઓનુ એફએસએલ કરાવવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કાંકરેજ તાલુકાના રતનગઢ જય ગોગા ગૌધામ ગૌશાળા એક આકર્ષણનું કેન્દ્ર

કાંકરેજ, તા. ૧૮
ઉત્તર ગુજરાતમાં સૌપ્રથમ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના રતનગઢ ગામે રહેતા પટેલ સમાજના ભક્ત ગાડાભાઈએ બબે વર્ષની તપસ્યા કરી અને એક ગૌશાળાનું નિર્માણ કર્યુ છે ત્યારે એજ ગૌશાળામાં એક મોટી માં તરીકે ઓળખવામાં આવતી ગાયનું થોડા મહિના પહેલા નિધન થયું હતું અને તેમની સમાધિ આપી હતી. હતું અને આકોલી ગામે અજિમાતાજી મંદિર ખાતે પણ દર પૂનમે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે અને એક નાનકડા આશ્રમની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે હિન્દુ ધર્મમાં ગાયને માતા તરીકે ઓળખવામાં આવે છે અને તેમનું વિધિવત પૂજન કરવામાં આવે છે ત્યારે ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને ગાય ખૂબ પ્રિય હતી અને આજે ચાર કાન વાળી ગાય છે અને મોટી માં તરીકે ઓળખવામાં



ત્યારે હજારોની સંખ્યામાં લોકોએ દર્શન કરીને ધન્યતાનો અનુભવ કર્યો હતો અને તેના ઉપર બટુક ભોજન આપવામાં આવ્યું હતું અને અત્યારે તો ચાર કાન વાળી આ ગાયની વાસરડીના દર્શન કરવા લોકો અવારનવાર ગૌશાળાની મુલાકાત લેવા માટે આવે છે અને ભક્તો માટે અન્નક્ષેત્ર ભોજન પ્રસાદ આપવામાં આવે છે. ત્યારે આકોલી ગામના અજિમાતાજીના ભુવાજી મગનભાઈ લેબાભાઈ દેસાઈએ રતનગઢ ની જય ગોગા ગૌધામ ગૌશાળાની મુલાકાત લીધી હતી અને ગાંડાભાઈ પટેલ ભક્ત સાથે આશ્રમમાં વિકાસ અંગે માર્ગદર્શન લીધું આવતી ગૌ માતાની સમાધિ પણ છે. જ્યાં દૂર દૂરથી લોકો દર્શન કરવા માટે આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ત્યારે કાંકરેજ તાલુકાના રતનગઢની ગૌશાળાની મુલાકાત જિલ્લા કલેક્ટર કાંકરેજ મામલતદાર દ્વારા કરવામાં આવે અને તેના વિકાસ માટે સહભાગી બને તેવી લોક લાગણી પ્રસરી છે. ત્યારે ખરેખર ધન્ય છે આવા ગૌ સેવકો જેઓ પોતાના જીવનમાં સુખ સમૃદ્ધિ સંસાર ત્યાગી એક ધર્મની ગરિમા જાળવી રાખવામાં સફળતા મેળવી છે. જય ગૌ માતા આમ લોકો મોટી માં ની સમાધિના દર્શન કરી ધન્યતા અનુભવે છે.




## ડીસા ખાતે એકતા રથયાત્રાનું ભવ્ય સ્વાગત


સમગ્ર ગુજરાતમાં શરૂ થયેલી બીજા તબક્કાની એકતા યાત્રા આજે ડીસા આવી પહોંચતાં ડીસા નગરપાલિકા દ્વારા એકતાયાત્રાનું દબદબાભેર સ્વાગત કરાયું હતું. દેશની એકતાના શિલ્પી અને અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની તાજેતરમાં જ કેવડીયા ખાતે ૧૮૩ મીટર ઊંચી વિશ્વ વિક્રમી પ્રતિમાનું લોકાર્પણ કરાયા બાદ સરદાર વલ્લભભાઈ પટેલના સપનાને સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા એકતા યાત્રાનું આયોજન કરાયું છે. આ યાત્રા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ફરી એકતાનો સંદેશ રેલાવી રહી છે. ત્યારે આજે આ એકતા યાત્રા ડીસા આવી પહોંચતાં ડીસા નગરપાલિકા દ્વારા આ યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે ડીસા નગરપાલિકાના પ્રમુખ શિલ્પાબેન માળીએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને કુમકુમ તિલક કરી ફૂલહાર પહેરાવી સરદાર પટેલને ભાવવંદના કરી હતી. આ પ્રસંગે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા હસમુખભાઈ પટેલને સમાજ ઉત્કૃષ્ટ એવોર્ડ એનાયત કરાયો

બનાસકાંઠાજિલ્લાના અમીરગઢ તાલુકાના વિરમપુર ગામે સંવેદના સેવા ટ્રસ્ટના હસમુખભાઈ પટેલને વિશ્વકોષ ટ્રસ્ટ દ્વારા સમાજ ઉત્કૃષ્ટ એનાયત કરતાં સમગ્ર વિસ્તારમાં આનંદનુ મોજુ ફરી વળ્યુ હતુ. હસમુખભાઈ પટેલ એકલું બનાસકાંઠા જ નહિ પણ અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં પણ યુવાનોના લીડરશીપ માટે માર્ગદર્શનરૂપ બન્યા છે.

૧૯૯૩ના દાયકામાં જયારે દેશમાં કોમ્પ્યુટર ક્રાન્તિ આવી ત્યારે ખુબ વિરોધ હતો. તે સમયે હસમુખભાઈએ એક ગાંધીવાદી હોવા છતાં ગરીબી નિવારણ માટે કોમ્પ્યુટરનુ જ્ઞાન અનિવાર્ય બન છે. તે માટે છોકરાઓને કોમ્પ્યુટર શિક્ષણનો વિચાર આવ્યો હતો. પોતે નવા નવા પ્રયોગ કર્યા. ગરીબી કઈ રીતે દુર થાય તેનુ પાયનુ કામ કર્યુ. તેમાં દાંતા તાલુકાના નેસડા ગામમાં પથ્થર ફોડીને જીવન ગુજરાન ચલાવાતું. તેવા સમયે હસમુખભાઈ એ ૪૪૦૦૦ રુપિયાનો લોકભાગીદારીનો એક ચેકડેમ બનાવીને ૧૭૦૦૦૦૦ રુપિયાના ગવારનો પાક થયો હોવાની વાત પુરાવા સાથે રજૂ કરી હતી. દર બે વર્ષેઆ વિસ્તારમાં દુષ્કાળ પડતોહતો. ૨૦૦૩ પછી આ વિસ્તારમાં કોઈ દુષ્કાળ પડ્યો નથી. આ વિસ્તારમાં ગામે ગઈતી ચાર પાંચ લાડા જોયા એક આ દુ જમી જાય.

મકાઈના ડોડા ઈશ્વરને ચડાવવાના બદલે હસમુખભાઈના પગમાં મુકતા. ૯૦૦૦ બાળકોનુ



દાનાભાઈ/નાગજીભાઈ બે અબોલા ભાઈઓના ભાગીદારીથી જે ગામમાં એક ટ્રેકટરના હતુ આજે આ ગામમાં ૧૨૫થી વધુ ટ્રેક્ટરો થયા છે. આ ગામમાં ડો. વાય.કે. અલંગ મુલાકાતે આવ્યા ત્યારે ગળીથી કપડાં પર ડો. અલખ સાહેબનુ નેસડા ગામ સ્વાગત કરે છે. ત્યારે હૃદય સાધનાનો પ્રેમ દેખાય આવે છે. હસમુખભાઈનો મહત્વનો યાદગાર પ્રસંગ સુકી અને ભુરી બચ્ચીઓનો પ્રેમ દેશી ભાષામાં શબ્દો. મર ખુટી તો નથી ને. લાડો હિરવા ગઈ છે. કયાં અ નઈ ઘોડા શિક્ષણમાં પરીવર્તન કર્યુ. સૌથી ઓછી ૯ ટકા સાક્ષરતા પાણીના અભાવના કારણે અર્ધી રાત્રે સ્ત્રીઓ પાણી બેડા લઈ જાય પછી નાવાની વાત જ કયાં રહી. સરકારી ચોપડે ડાર્કજોન વિસ્તારમાં લોકભાગીદારીથી હસમુખભાઈ પટેલે ૧૨૫ ચેકડેમ બનાવી આજે વિસ્તારમાં પરીવર્તન કરી ઘઉં, બાજરી થાય છે. મહિલાને પરીવારને પીવાનુ પાણી હલ થયુ. ડુંગરે ડુંગરે લાઈટ, અનૌપચારિક શાળા, ગાંધીના વિચારો અને જયપ્રકાશના વિચારો વહેતા કર્યા હતા.

# મહેસાણા જિલ્લામાં સહકાર સપ્તાહ સંમેલન યોજાયું

મહેસાણા, તા. ૧૮
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે વિના સહકાર નહિ ઉધ્ધાર ભાવનાથી જ રાજ્યનો વિકાસ થઈ રહ્યો છે. સહકારના મુળમાં વિશ્વાસ રહેલો છે. સહકારી પ્રવૃતિઓના પાયાના કાર્યકરોના આ વિશ્વાસ અને પરિશ્રમ થકી સહકારી માળખાનો વિકાસ થયો છે. મુખ્યમંત્રી મહેસાણા દૂધ સાગર ડેરીમાં સહકાર ભારતી આયોજિત સહકાર સપ્તાહ અને સ્નેહ મિલન અવસરે સંબોધન કરી રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને સહકાર ભારતીના પદાધિકારીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે સહકારી પ્રવૃતિ સૌના સાથ સૌના વિકાસને સાકાર કરે છે તેમ જણાવતા કહ્યું કે છેવાડાના માનવી ગ્રામીણ ગરીબ વંચીત સુધી વિકાસના ફળો પહોંચાડવામાં સહકાર ક્ષેત્ર મહત્વનું બન્યું છે.

અમુલ, બનાસ, દૂધ સાગર જેવી માઈલસ્ટોન સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓથી સહકાર ક્ષેત્રને વેગ મળ્યો છે. સહકારના માળખામાં પ્રમાણિકતા, મુલ્યનિષ્ઠતા રહેલી છે. મહેસાણા જિલ્લો સહકારીક્ષેત્ર અગ્રણી જિલ્લો છે. અને આ જિલ્લાએ અનેક સહકારી નેતાઓ આપ્યા છે તેમ પણ એમણે ઉમેર્યું હતું. સહકારી પ્રવૃતિઓ થકી શ્રેષ્ઠ ગુજરાતના નિર્માણ માટે આગળ આવવા સહકારી અગ્રણીઓને તેમણે અપીલ કરી હતી.